RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૩૪ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળ :– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી અરજીમાં આ સાથે સામેલ ઝેરોક્ષમાં દર્શાવેલ નંબર–૪ મુજબ થયેલ ફરિયાદની કોપી આપશો. તેવી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૪/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી અરજીમાં આ સાથે સામેલ ઝેરોક્ષમાં દર્શાવેલ નંબર–૪ મુજબ થયેલ ફરિયાદની કોપી આપશો. તેવી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ રજૂ કરવા સાથે ફરીયાદની નકલ અને થયેલ કાર્યવાહીની નકલો પણ સંદર્ભ સારું મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૭૩ તા.૧૩–૧–૧૨ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે તથા અપીલીય કાર્યવાહી દરમ્યાન માહિતી મળે તો નારાજગી આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૪–૧૧–૧૧ ની બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં આ સાથે સામેલ ઝેરોક્ષમાં દર્શાવેલ નંબર–૪ મુજબ થયેલ ફરિયાદની કોપી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાયેલ નથી. અરજદારે તેમની મુળ અરજીથી જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ./૧૫૦૮ તા.૧૬–૧૧–૧૧ થી આપેલ પ્રત્યુત્તરના મુદ્દા નં.૪ માં સ્થળ નિરિક્ષણ દરમ્યાન માલુમ પડેલ ક્ષતિ અંગે મ્યુ.નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે." ના અનુસંધાને દાખલ કરેલ ફરીયાદની નકલ માંગેલ જે જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાની જોગવાઈ હેઠળ પુરી પાડવાની થાય અથવા કલમ–૮,૯ કે ૧૧ ના અપવાદને અનુલક્ષી ઈન્કાર કરવાનો થાય પરંતુ જાહેર માહિતી અધિકારીએ સમય અવધિમાં તેમ કરેલ નથી.

અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૭૩ તા.૧૩–૧–૧૨ થી મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે તથા અપીલીય કાર્યવાહી દરમ્યાન માહિતી મળે તો નારાજગી આધાર સહ રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અંગે તેમણે પણ કોઈ આધાર સહ વિગત રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૪–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડેલ ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ બાબતમાં નામદાર મ્યુ. અદાલતમાં દાખલ કરેલ ફરીયાદની દફતરી નકલ અરજદારને દિન–૭ માં પુરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન જણાવવામાં આવે છે.."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન).....જાણ તથા અમલ માટે
(૨) ડો.પંકજ જયંતિલાલ ગાંધી